## મુદ્દા નં.૪ :– પોતાના કાર્યો બજાવવા માટે નકકી કરેલ ધોરણો :–

## The norms set by it for the discharge of its functions :-

જાહેર પરિવહનની વ્યવસ્થા ઉભી કરવાનાં ભાગરૂપે રૂા.૪૬૯.૦૨ કરોડનો બી.આર.ટી.એસ. પ્રોજેકટ ફેઝ–૧ JnNURM હેઠળ હાથ ધરવામાં આવ્યો છે. જે પૈકી રૂા.૩૬૨.૫૬ કરોડનાં કામો મંજુર કરવામાં આવ્યા છે અને પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૧૧–૧૨ માં બી.આર.ટી.એસ. પ્રોજેકટ ફેઝ–૧ માટે રૂા.૩૦૦.૦૨ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. જે અન્વયે સુરત–નવસારી રોડ ઉપર ૧૦.૨ કિ.મી. લંબાઈ તેમજ ડુમસ રીસોર્ટથી સરથાણા જકાતનાકા સુધી ૧૯.૮ કિ.મી. લંબાઈનાં બે કોરીડોરનું નિર્માણનું કામ તેમજ સુરત–બારડોલી રોડ–આઈમાતા જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ, સુરત–નવસારી રોડ–ખરવરનગર જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ તેમજ ખરવરનગર ખાડી પરનાં હયાત બ્રીજને વાઈડનીંગ કરવાનાં કામ ઉપરાંત BRTS રૂટો પર અદ્યતન બસ સ્ટોપ (તેને લગતી આનુસાંગીક સર્વિસીસ સહિત) બનાવવાનું કામ તેમજ બી.આર.ટી.એસ. બસ વ્યવસ્થા માટ[ Intelligent Transportation System (ITS) ઉભી કરવાનાં આયોજનોનો સમાવેશ થાય છે. જે અંતર્ગત આઈમાતા જંકશન તેમજ ખરવરનગર જંકશન ખાતેનાં ફલાય ઓવર બ્રીજને લોકાર્પણ કરવામાં આવેલ છે તેમજ ખરવરનગર ખાડી બ્રીજની કામગીરી પણ પૂર્ણતાને આરે છે. વર્ષ ૨૦૧૨–૧૩ માં સદ્દભાવના મિશન અંતર્ગત બી.આર.ટી.એસ. ફેઝ–૨ અન્વયે સુરત શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલ ૧૯ કોરીડોરને BRTS ROUTE તરીકે તૈયાર કરવાનાં કામ ઉપરાંત કુલ (૭ + ૪) જગ્યાએ ફલાય ઓવર બ્રીજ/રેલ્વે ઓવર બ્રીજ/એલીવેટેડ રોડ બનાવવાનાં કામોનાં અંદાજ મંજુર થયા છે. બી.આર.ટી.એસ. ફેઝ–૨ માટે સદ્દભાવના મિશન અંતર્ગત રાજય સરકાર તરફથી આવનારા ત્રણ ફાઈનાન્સીયલ વર્ષો માટે કુલ રૂા.૧૦૦૦ કરોડની ગ્રાંટ ફાળવેલ છે.

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૦૮૫/૧૦, તા.૦૮/૦૭/૧૦ મુજબ બી.આર.ટી.એસ. માસ ટ્રાન્સપોર્ટેશન સેવાને ccSitilinkcc નામથી નામકરણ કરવાનું અને બી.આર.ટી.એસ. સેવાનાં મુખ્ય ઘટક જેવાં કે, બસ, બસ ટર્મિનલ, બસ સ્ટેશન, સ્માર્ટ કાર્ડ વિગેરે પર પ્રસિધ્ધ કરવાનું ઠરાવ્યું છે.